# અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો...

"કલ્યાણ કરને કે વાસ્તે મેરા અવતાર હૈ. આજ તો મેરા પ્રયોજન એહી હૈ જયોં અવિદ્યા કું નાશ કરના. જીવ કું બ્રહ્મરૂપ (મૂર્તિરૂપ) કરના. ઈસ પ્રયોજન વાસ્તે મૈં પ્રગટ હુવા હૂં. જીવ કું મુક્તિ દેને કે વાસ્તે મનુષ્ય ઐસા બન્યા હૂં."

શ્રીહરિના પ્રસાદીના પત્ર-૭નો આ અંશ શ્રીહરિનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય કેવળ આત્યંતિક કલ્યાણ અર્થે જ છે એવું ફલિત કરે છે.

તેમ છતાં આવા સર્વોપરી રાજાધિરાજે બ્રહ્માંડના સામાન્ય જીવો પરત્વે કેવી દયા-કરુણા દાખવી છે !

વર્ણી વેશે વનવિચરણ કરતાં કરતાં મહારાજ એક ગામમાં પધાર્યા. નીલકંઠ વર્ણીને ત્રણ દિવસના ઉપવાસ હતા. એકવડિયું શરીર અને દેહની તમામ નાડીઓ ઊપસેલી દેખાતી હતી. સોળ-સત્તર વર્ષની વર્ણીરાજની નાનકડી ઉંમર. દેખાવડું રૂપ. જેમ પૂનમની રાત્રે ચંદ્રમાની શોભા સૌની આંખને આકર્ષે તેમ મહારાજનું રૂપાળું-દેખાવડું તેજસ્વી મુખ સૌ કોઈની આંખોને આકર્ષતું !

ગામમાં એક ડોસીએ સદાવ્રત ચાલુ કર્યું હતું. બપોરના સમયે સાધુ-મહાત્માઓને રોટલા અને ગૉળનું ઢેફું સદાવ્રતમાં આપતાં. અનંતાનંત બ્રહ્માંડના અનંતાનંત જીવોને સદાવ્રત પૂરું પાડનાર સ્વયં વર્ણીરાજ આ ડોસીના સદાવ્રતમાંથી સદાવ્રત લેવા લાઈનમાં ઊભા રહ્યા. ડોસી નામ-ઠામ પૂછતા જતાં અને રોટલો આપતા જતાં. અડધો કલાકે નીલકંઠ વર્ણીનો વારો આવ્યો.

'કરપાત્ર ને ઉદર ઝોળી' એ ન્યાયે વર્ણીએ રોટલો લેવા કરપાત્ર કહેતાં હાથ લંબાવ્યા.

ડોસી હાથનું નેજવું કરીને વર્ણીના રૂપાળા, દેખાવડા, એકવડિયા શરીરને જોઈ બોલ્યાં,

"છોકરા, રૂપાળો બહુ છો હોં ! શું નામ ?"

"નીલકંઠ." મધુર કંઠે મહારાજે ઉત્તર આપ્યો.

"નીલકંઠ ! ક્યાંથી આવ્યો છું ?"

"બ્રહ્મમહોલ સે આયે હૈ ઔર બ્રહ્મમહોલ લે જાને કે લિયે આયે હૈ." ડોસીને વર્ણીના જવાબમાં કાંઈ ઘેડ્ય ન બેઠી. ડોસીને વર્ણીની બાળ વય જોઈ મજાક સૂઝી.

ડોસી કહે, "છોકરા, તું અડધો કલાક માથે હાથ મૂકી મારી આગળ નાચ તો તને રોટલો આપું."

અનંતકોટિ બ્રહ્માંડોમાં સૌને રોટલો આપનાર સર્વોપરી મહારાજ એક રોટલા માટે સદાવ્રતમાં લાઈનમાં ઊભા રહ્યા ! મહારાજે વિચાર કર્યો, 'આ ડોસીનું પૂરું કરનારો બીજો કોઈ જન્મ્યો નથી. સદાવ્રતમાં તો કેટલાય સાધુ-મહાત્માઓ આવીને પેટ ભરી જશે તોય ડોસીનું કલ્યાણ નહિ થાય. ડોસીના મોક્ષ માટે અમે આવ્યા છીએ. એના કલ્યાણનું શું ?' આ વિચારે અનંતને નચાવનાર મહારાજ અલ્પજીવી ડોસી આગળ એના કલ્યાણ વાસ્તે અડધો કલાક સુધી માથે હાથ મૂકી નાચ્યા ! ત્યારે ડોસીએ રોટલો ને ગૉળનું ઢેફું આપ્યું. વર્ણીએ તેની સેવા સ્વીકારી અને તેના ચૈતન્યને પોતાની મૂર્તિમાં રમણ કરતો કરી દીધો !

આહાહા ! કેવી અસીમિત દયા ! પરાકાષ્ઠાની કરુણા !

• • •

"જનમ સુધાર્યો રે હો મારો, મળિયા નટવર ધર્મદુલારો..."

સદ્. મુક્તાનંદ સ્વામીએ મહારાજ તથા મોટાપુરુષની કરુણાનું ગાન આ પદમાં કર્યું છે. જન્મ સુધારવો એ જીવ પર મોટામાં મોટી ને છેલ્લામાં છેલ્લી કૃપા કહેવાય ! આ કૃપાથી જે અહોભાવ ઊપજે એનો આનંદ અમાપ જ હોય. પોતાના જોગમાં આવનારનું પશુજીવનમાંથી મનુષ્યજીવન બને, મનુષ્યજીવનમાંથી ભક્તજીવન બને અને ભક્તજીવનમાંથી મુક્તજીવન બને તે માટે મહારાજ અને મોટાપુરુષો સદા યત્નશીલ હોય છે. આવા પરોપકારી કાર્યને સિદ્ધ કરવા માટેની એમની રાજાચાવી

# અપકારનો બદલો ઉપકારથી આપવારૂપ દયા

'ભૂંડા ભૂંડાઈ ન મેલે તો ભલા ભલાઈ કેમ મૂકે !'

આ શબ્દાવલિઓ શ્રીજીમહારાજ તથા મોટાપુરુષના દયામય કવનને અનુમોદન આપે છે. 'અપકારનો બદલો ઉપકાર'થી આપવો એ મહારાજ અને મોટાનો અવિચળ આદર્શ હોય છે. કોઈ એમના માટે કવેણ ઉચ્ચારે તોય દયા વરસાવે. એમનો દ્રોહ કરે તોય કરુણા વરસાવે. અરે ! એમને હાનિ પહોંચાડે તોય કૃપા વરસાવે. આહાહા... કેવી દયા-કરુણાની પરાકાષ્ઠા ! આ કોઈ દેહધારીનું લક્ષણ નથી. એ તો દેહાતીત હોય, અખંડ પરભાવમાં હોય એવા દિવ્ય સત્પુરુષ જ આવો કરુણાધોધ વહાવી શકે. એમના નયનમાં, એમના વચનમાં અને એમના હસ્તમાં સદા-સર્વદા કરુણાનો ધોધ જ વહેતો હોય છે. એમની રીતિ, નીતિ ને પ્રીતિ કેવળ જીવના 'ભલા'માં જ રહી છે. જીવનું સઘળું જાણતા હોય તોય 'સમર્થ થકા જરણા' કરી જીવને સુખ જ આપે છે. આ સિદ્ધાંત વાતો ગુરુદેવ પ.પૂ. બાપજી ને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના કવનમાં સહેજે ઝળહળે છે.

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચીલે ચાલતા ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ માલ વિનાના માનવીઓનાં માન-અપમાન સહન કર્યાં છે. છતાંય કદીયે એ દિવ્યપુરુષના મુખે એમના વિષે એક હીણો હરફ પણ ઉચ્ચર્યો નથી. હંમેશાં એમના મુખથી સૌના માટે કરુણા જ વરસી છે.

વસંતપંચમી તથા જન્માષ્ટમીનો મોટો સમૈયો મૂળીમાં થતો. આ સમૈયામાં મોટા સદ્‌ગુરુશ્રીઓ કથાવાર્તાના અખાડા ચલાવતા. તેથી આ સમૈયામાં ગુરુદેવ પ.પૂ. બાપજી અચૂક પધારતા. એ વખતે અમદાવાદથી મૂળીનું ભાડું ૧૦ રૂપિયા હતું. ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે કોઈ સુખી ભક્તો પણ ન હતા. તેથી મૂળી જવા ટિકિટ કઢાવવાની સેવા કોણ કરે ? ગુરુદેવ પ.પૂ. બાપજી તો સ્ત્રી-ધનના સંપૂર્ણ ત્યાગી હતા. આથી ગુરુદેવે એક મોટેરા ને સુખી હરિભક્તને વિનમ્રભાવે કહ્યું કે, "અમારે મૂળી જવું છે તો ટિકિટ કઢાવી આપશો ?"

ત્યાં તો આક્રોશ સાથે અપમાન અને અપશબ્દોની ઝડી વરસાવતાં તે હરિભક્તે કહ્યું, "મૂળી સમૈયામાં જવું હોય તો જાવ, સભામંડપમાં ત્યાં પાંચ-સાત હરિભક્તો બેઠા છે. તેમની પાસેથી થોડા થોડા માગી લો તોય મૂળીનું ભાડું મળી જશે. અને એમ ન કરવું હોય તો હમણાં આરતી પછી પગથિયાં નીચે રૂમાલ પાથરીને બેસી જાવ. બધા પાંચીયું, દશીયું, પાવલી કે રૂપિયો નાખશે તોય તમારા ભાડાના પૈસા મળી જશે."

જેમના સંપૂર્ણ કર્તા સ્વયં મહારાજ છે તે દિવ્યપુરુષ હરિભક્તના તુચ્છ અપમાનને કોઈ પ્રકારના પ્રતિભાવ વિના ગળી ગયા. ક્યાં રાજાધિરાજના સમર્થ દિવ્યપુરુષ ને ક્યાં આ લોકના દેહધારી જીવ ! જેના એક સંકલ્પમાં અનંતનાં પ્રારબ્ધ બદલવાની તાકાત હોય. જેને અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણ વશ વર્તતા હોય એ અવરભાવમાં અસમર્થપણું જણાવી કોઈની આગળ હાથ લાંબો કરે એમાં પણ એમની અપાર દયા ને કરુણા જ હોય. જ્યારે જીવના પ્રારબ્ધનું પાંદડું ફેરવવું હોય, એનાં આ લોક-પરલોકનાં દુઃખ કાપી એને અવિચળ સુખનો અધિકારી કરવો હોય ત્યારે તેઓ કોઈની આગળ હાથ લાંબો કરતા હોય છે. પણ જીવ અજ્ઞાને કરીને આવી તકને ઓળખી શકતો નથી. સામો મોટાનો અપરાધ કરી દુઃખના ડુંગરોને નોતરે છે. તોપણ દયાનિધિ સત્પુરુષો આવા અજ્ઞાની જીવના વર્તનને ન ગણી તેના હિત માટેનો સંકલ્પ તથા પ્રાર્થના કરે છે. એટલે જ તો મોટાપુરુષની કરુણાનું ગાન કરતાં કહેવાયું છે,

"સાગર જેવાં દિલડાં જેનાં, કે'દી નવ છલકાય જી;
ઝેરના ઘૂંટડાને જીરવી જાણે, પછી અમૃત સૌને પાય."

ગુરુદેવે પામર, અધમ ને પતિત જીવના અપમાનના ઘૂંટડા પીને પણ દયારૂપી અમૃત સૌને પાયાં છે.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીના કરુણા માર્ગે ચાલનારા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંપ્રદાયમાં ‘કૃપાનિકેતન’ તરીકે સૌના હૈયે સ્થાન પામ્યા છે. ગુરુજી માટે ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા, “અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) જેવો બીજો કોઈ દયાળુ નથી !!!” ગુરુદેવના અમૃત વચનોમાં ગુરુજીની દયાની અપારતા સમાઈ છે. ‘દયાળુ’ વિશેષણ આપી ગુરુદેવે ગુરુજીની કૃપાળુતાને સર્વોચ્ચ રીતે બિરદાવી છે. ગુરુદેવનાં અમૃત વચનોના આધારે કોઈ ભક્ત ગુરુજીના અવરભાવના જીવનને બારીકાઈથી નીરખીને મમળાવે તો એને ખ્યાલ આવે : ‘ગુરુજી ગુરુજી નથી પણ દયાનિધાનજી છે...’

પૂનમનો સમૈયો હતો. એક હરિભક્ત ગુરુજીને મળવા આવ્યા ને ભારે હૃદયે વાત કરી, “ગુરુજી, રાજી રહેજો. સેવકનો દીકરો સત્સંગનો ખૂબ વિરોધી છે. મહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા આપના વિષે ઘણું ઘણું અવળું બોલે છે. આ અપરાધ એને કેટલો નડશે ?” આટલું બોલતાં પેલા હરિભક્ત ગળગળા થઈ ગયા અને બે હાથ જોડી ગુરુજીને પ્રાર્થી રહ્યા. એમને ખ્યાલ હતો કે ગુરુજી પરભાવનું સ્વરૂપ છે. એમને વિષે જે મનુષ્યભાવ પરઠે એનું કલ્યાણ તો બગડે પણ આ લોકનું જીવન પણ છિન્ન-ભિન્ન થઈ જાય.

આમ વિચારતાં તેઓ ગુરુજીને નીરખી રહ્યા હતા. ત્યારે ગુરુજી એમને હળવા કરતાં બોલ્યા, “આપ ચિંતા ન કરશો. એ અજ્ઞાનતામાં એવું બોલે છે. પણ અમે એનો કોઈ શબ્દ કે વર્તન હૈયે ધરતા નથી. અમે આપના દીકરાના હિત માટે મહારાજને પ્રાર્થના કરીશું. મહારાજ એમને બીજો જન્મ નહિ ધરવા દે, એમને આ ને આ જન્મે જ કારણ સત્સંગમાં લાવશે, બસ.” પેલા હરિભક્ત તો ગુરુજીના મુખથી ઉચ્ચારાયેલા મહેર વચનોની સરવાણી સાંભળી આનંદ ને અહોભાવમાં ડૂબી ગયા : ‘આહાહા... મારા ગુરુજી કેવા દયાળુ..! કેવા કૃપાળુ..! પામર જીવને એની પોતાનીય સાચી ઓળખાણ નથી. એ એનું ભૂત-ભાવિ જાણતો નથી છતાંય પરભાવના સ્વરૂપ વિષે હીનતા-અધમતા વિચારે છે, વર્તે છે. એની કેટલી તુચ્છતા ! વ્હાલા ગુરુજી એની અવળાઈ ન જોતાં, કેવળ પોતાના બિરુદ સામું જોઈ પોતાનો દયાનો શિરસ્તો ચાલુ જ રાખે છે.’ કોઈ આકાશ સામે ધૂળ ફેંકવા જાય તો એ જ હેરાન, વેરાન ને પરેશાન થવાનો છે. એનું એને ભાન જ નથી. પણ દયાનિધિને જીવના વિરોધની ઓટ હોય શાની ? ઓટ હોય તો એ સત્પુરુષ શાના ?

આમ, આ કારણ સત્સંગ કૃપાનો સિંધુ છે. જ્યાં આ દિવ્યપુરુષો વગર કારણે, વગર દાખડે, વગર પાત્રતાએ જીવો પર અઢળક ઢળ્યા છે. એટલે અંતે વારંવાર આમ કહેવાનું મન થાય છે :

“કહાં કહું બાપજી-ગુરુજી કરુણા તેરી...”

આમ, શ્રીહરિ તથા એમના સત્પુરુષ વિષે ગઢડા પ્રથમના ૭૭મા વચનામૃતની ટીકામાં વર્ણવેલ બત્રીસ લક્ષણોમાંના ‘કૃપાળુ’, ‘તિતિક્ષુ’, ‘સર્વોપકારક’ તથા ‘કારુણિક’ આદિ લક્ષણોનાં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીમાં દર્શન થાય છે. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીએ આ લક્ષણોની અનુભૂતિ અનેક હરિભક્તોને કરાવી એમની કરુણાહેલીમાં ડુબાડ્યા છે.

જાય અને જે ડ્રાયફ્રૂટ આવે તે બધું કોઠારમાં જમા કરાવી દેવાતું.

ઈ.સ. ૧૯૯૫-૯૬ની આસપાસના અરસામાં એક પ્રસંગ બન્યો. એ વખતે કોઠારની સેવામાં બે-ત્રણ હરિભક્તો હતા. એમાંથી એક હરિભક્ત પૈસેટકે ખૂબ સુખી હતા. પરંતુ રોજ રોજ ડ્રાયફ્રૂટ આવતું જોઈ લાલચ જન્મી. એ વખતે સ્ટાફ સભ્યોને વ્યક્તિગત કબાટ અને તાળું આપતા. એ હરિભક્ત રોજ ડ્રાયફ્રૂટ આવે તેમાંથી થોડું થોડું કબાટમાં મૂકી ભેગું કરતા.

ડ્રાયફ્રૂટ થોડું વધારે ભેગું થઈ ગયું એટલે વિચાર્યું કે ઘરે છોકરાના છોકરાઓ માટે લઈ જઉં. એક દિવસ તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે આવ્યા.

‘‘બાપજી, રાજી રહેજો. રજા આપો. થોડા દિવસ ઘરે જઈ આવું.’’

‘‘કેમ ભગત, કાંઈ કામ આવ્યું છે ?’’

‘‘ના બાપજી, ઘણો સમય થયો. છોકરાને મળી આવું.’’

અંતર્યામીપણે ગુરુદેવ પ.પૂ. બાપજી તેમની કસરને જાણી ગયા હતા. આથી કહ્યું,

‘‘ભગત, બહુ હેત શું કરવા રાખવાનું ? અહીં તમને કાંઈ મુશ્કેલી છે ?’’

‘‘ના બાપજી. પણ એકાદ-બે દિવસ જઈ આવું.’’

‘‘એક કામ કરો; કાલે જજો.’’

‘‘ભલે બાપજી.’’

બીજા દિવસે સવારે પેલા હરિભક્ત આવ્યા.

‘‘બાપજી, હું જઉં છું.’’

‘‘ના ભગત, એક કામ કરો. મારે અત્યારે સેવા છે. સાંજે જજો.’’

‘‘ભલે બાપજી.’’ કહી હરિભક્ત ઉતારે જતા રહ્યા.

સાંજના સાડા ત્રણ થયા ત્યાં ગુરુદેવ પ.પૂ. બાપજી કોઠારમાં વિઝિટ માટે પધાર્યા. કોઠારમાં વાસણા સેન્ટરના મુખ્ય વહીવટદાર હરિભક્ત સેવા કરતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને કહ્યું,

‘‘ભગત જરા ઉપર આવો ને.’’

ઉપર જઈ ગુરુદેવ પ.પૂ. બાપજી ખુરશી નાખી બિરાજ્યા. આ મુખ્ય વહીવટદાર હરિભક્ત કોઠાર આગળ ઊભા હતા. ત્યાં પેલા ભગત આવ્યા ને ગુરુદેવ પ.પૂ. બાપજીને ચરણસ્પર્શ કરી કહ્યું,

‘‘બાપજી, હું જઉં છું. રાજી રહેજો.’’

‘‘ભલે જાઓ; પણ જલદી આવતો રહેજે. બહુ રોકાતો નહીં.’’

‘‘ભલે બાપજી.’’ કહી ભગત હાથમાં થેલી લઈ નીકળ્યા. હવે ત્યાં જમીન સાવ સપાટ હતી છતાં ખબર નહિ કેમ પણ તે ભગતને ઠેસ વાગી અને થેલી પડી ગઈ. ઉપરથી બે-ત્રણ કપડાં બહાર નીકળી પડી ગયાં અને અંદરથી ડ્રાયફ્રૂટ

